



# નોટબંધી અને જીએસટીના મુદ્દે મોદી સરકાર પર આકરા પ્રહાર કરાયા

હિંમતનગર, તા. ૧૧ આગામી ડિસેમ્બર માસમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે કોંગ્રેસે ખેડૂતોનો સાથ લઈ સત્તા પરિવર્તન કરવાના પ્રયાસ શરૂ કર્યા છે ત્યારે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતના મોટાભાગના વિસ્તારોનો પ્રવાસ પૂર્ણ કરી અંતિમ તબક્કામાં તેઓ શનિવારે ઉત્તર ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. ત્યારે ખેડૂત અધિકાર સભાના નેજા હેઠળ સાબરકાંઠા જિલ્લાના મતદારો સમક્ષ નોટબંધી અને જીએસટીના મુદ્દે મોદી સરકારને આડા હાથે લઈ એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપની સરકારે પ્રજાના નાણાં ઉદ્યોગપતિઓને આપી દઈ કોઈને બોલવા દેતા નથી અને જાતે પણ કશુ બોલતા નથી. જોકે તેઓ પ્રવાસ દરમ્યાન નિયત સમય કરતા મોડા પહોંચ્યા હતા.

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી શનિવારે પ્રાંતિજ તાલુકાના મજરાથી સાબરકાંઠામાં પ્રવેશ કર્યો ત્યારે સ્થાનિક અગ્રણીઓ દ્વારા તેમને તલવાર સ્મૃતિરૂપે ભેટ આપી સાફો પહેરાવ્યો હતો. ત્યારબાદ તેમનો કાફલો પ્રાંતિજ આવી પહોંચ્યો હતો. જ્યાં તેમણે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને સત્તાસ્થાને બેસાડવા માટે લોકોને અનુરોધ કરી જણાવ્યું હતું કે અમારી સરકાર ખેડૂતોની, પ્રજાની, ગરીબોની, વેપારીઓની અને ગામડાના લોકોની સરકાર હશે. ઉપરાંત તેમણે કેન્દ્રની ભાજપ સરકારે નોટબંધી અને જીએસટીને ગેરવ્યાજબી ગણાવીને હિન્દુસ્તાનની પ્રજા માટે આ નિર્ણયને કઠુરાઘાત સમાન ગણાવ્યો હતો.

પ્રાંતિજ સભા પૂર્ણ કર્યા બાદ તેમનો કાફલો હિંમતનગર આવવા રવાના થયો હતો. જોકે સમય પત્રક કરતા મોડુ થયુ હોવાને કારણે મોતીપુરા સર્કલ ખાતે રાહુલજીના સ્વાગતના કાર્યક્રમને રદ કરવો પડ્યો હતો. ત્યારબાદ તેઓ તરત જ સિવિલ સર્કલ થઈને મહેતાપુરાના શાંતિ ઉપવન ખાતે યોજાયેલ સભા સ્થળે પહોંચી ગયા હતા. નિયત સમય કરતા મોડા આવેલા રાહુલજીએ સ્ટેજ પર સ્થાન લેતા પહેલા બે હાથ ઉંચા કરીને પ્રજાનું અભિવાદન ઝીલ્યુ હતુ. ત્યારબાદ પ્રદેશના હોદ્દેદારોએ ભાજપની સરકાર પર આક્ષેપો કરી કોંગ્રેસ આવે છે નવસર્જન લાવે છે તે સૂત્રને સાર્થક કરવા મતદારોમાં અંડર કરંટ ચાલી રહ્યો હોવાનું ગણાવ્યું હતું. ત્યારબાદ કોંગ્રેસ ઉપાધ્યશ્ર રાહુલજીએ પોતાના ભાષણની શરૂઆત ટુંકમાં ગુજરાતી ભાષાથી કરી હતી અને કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા એવો આક્ષેપ કર્યો હતો કે મોદી સરકારે નોટબંધીનો નિર્ણય વર્ષ ૨૦૧૬માં ૮મી નવેમ્બરે રાત્રે ૮ વાગ્યે લીધો હતો તેના કારણે હિન્દુસ્તાનની પ્રજાને આંચકો લાગ્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું હતું કે દેશના ખેડૂતો અનાજ, બીયારણ, ખાતર તથા દવાઓ જેવી ખેતી ઉપયોગી વસ્તુઓ ક્રેડીટ કાર્ડથી ખરીદતા નથી. પરંતુ રોકડેથી ખરીદે છે. જેથી મોદી સરકારનો નોટબંધીનો નિર્ણય કસમયનો હતો.

ત્યારબાદ ભાજપ કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં લાગુ કરેલા જીએસટીના અમલને ગબ્બર ટેક્ષ ગણાવીને પ્રજા પાસેથી ટેક્ષના નામે પૈસા ખંખેરી લેવાના આ નિર્ણયની આકરી ટીકા કરી હતી.



### હિંમતનગરમાં કાળા વાવટા ફરકાવાયા

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીનો કાફલો હિંમતનગરમાં પ્રવેશીને મહેતાપુરા ખાતે જાહેર સભાના સ્થળે જઈ રહ્યો હતો ત્યારે પોષ્ટ ઓફીસ પાસેના ટાઉનહોલ નજીક ભાજપના કાર્યકરોએ કાળા વાવટા ફરકાવીને કોંગ્રેસનો વિરોધ કરી મોદી...મોદી... ના સૂત્રો પોકારી વિરોધ પ્રદર્શીત કર્યો હતો. જેના કારણે બંદોબસ્ત દરમિયાન હાજર રહેલા પોલીસ કર્મીઓમાં થોડીક ક્ષણો માટે અફડાતફડી મચી જવા પામી હતી. તેમ છતાં રાહુલજીનો કાફલો આગળ વધી રહ્યો હતો.



### પ્રાંતિજમાં રાહુલજીના માસ્ક દેખાયા

રાહુલજીની પ્રાંતિજ ખાતે યોજાયેલી જાહેર સભામાં અનેક લોકોએ રાહુલજીની મુખાકૃતિવાળા કાગળના માસ્ક મોઢા પર ધારણ કરતા તે અન્ય લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

## રાહુલની સાબરકાંઠા યાત્રા

### રાહુલજીએ નર્મદા યોજનાને યાદ કરી

હિંમતનગર ખાતે યોજાયેલી જાહેર સભામાં એમ પણ જણાવ્યું હતું કે જો ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો નર્મદા યોજનાનો લાભ ગુજરાતના બહોળા વિસ્તારોની પ્રજાને મળે તે માટે અમે પ્રયત્નશીલ રહીશુ ઉપરાંત તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ અને ગાંધીજીને યાદ કરી ગુજરાતની ખમીરવંતી પ્રજાને બિરદાવી હતી.



### મેઈક ઈન ઈન્ડિયાના સૂત્રને કેન્દ્ર સરકાર ભુલી ગઈ

થોડા મહિનાઓ અગાઉ નરેન્દ્ર મોદીએ સરદાર સરોવરમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ઉભી કરવા માટે જાહેરાત કરી હતી જે ગૌરવની વાત છે. પરંતુ મેઈક ઈન ઈન્ડિયા અને મેઈડ ઈન ઈન્ડિયાનું સૂત્ર આપનાર મોદી સરકારે સરદાર વલ્લભભાઈની પ્રતિમા બનાવવા માટે ચાઈનાને જે ઓર્ડર આપ્યો છે તે શું સુચવે છે તે સમજાતુ નથી.

### રાહુલજીની સભાની સાથે સાથે

- સાબરકાંઠામાં પ્રવેશ કરતા અગાઉ ચંદ્રાલામાં ચા અને ગાંઠીયાનો સ્વાદ માણ્યો.
- મજરા ખાતે સ્વાગત દરમ્યાન તલવાર અને ટોપી પહેરાવાઈ.
- નિયત સમય કરતા રાહુલજીનો કાફલો મોડો પડ્યો.
- મોતીપુરામાં સ્વાગતનો કાર્યક્રમ પડતો મુકાયો.
- પ્રાંતિજમાં રાહુલજીએ ૨૫ મિનિટ પ્રવચન કર્યું.
- હિંમતનગરમાં ૧૬ મિનિટ બોલ્યા.
- કોંગ્રેસની સરકાર આવશે તો ખેડૂતોને ૧૬ કલાક દિવસે વિજળી આપીશુ. (સિદ્ધાર્થ પટેલ) (દિવસના કલાક ૧૨ હોય છે.)
- રાહુલજીના કાફલામાં ૪૦ વાહનોની ફોજ હતી.
- તમામ સભાસ્થળે રાહુલજીના આગમન પહેલા સ્ટેજનો કબ્જો એનએસજી કમાન્ડોએ લઈ લીધો.
- સૌથી વધુ મેદની ઈડર અને ખેડબ્રહ્મામાં હતી.
- હિંમતનગરની જાહેર સભામાં અંદાજે ૫૦૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા.
- કપાસ, મગફળી, મકાઈ વાવજો પણ કમળ ન વાવતા.
- ઉપસ્થિત લોકોએ વક્તાને ભર પેટ વખાણી તાળીઓથી વધાવ્યા.
- રાહુલજીએ સંબોધન કરતા પહેલા સ્થાનિક અને પ્રદેશ કક્ષાના નેતાઓને યાદ કર્યા.
- બંદોબસ્ત માટે ૧ ડીએસપી, ૬ ડીવાયએસપી, ૧૫ પીઆઈ, ૪૩ પીએસઆઈ, ૫૯૪ કોન્સ્ટેબલ, ૨ એસઆરપી કંપની અને ૫૦૫ હોમગાર્ડ જવાનોને ઉતારવામાં આવ્યા હતા.






### રાહુલ ગાંધીએ ખેડબ્રહ્મામાં સભા સંબોધી

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ઉનાવામાં આદિવાસી સમાજને સભા સંબોધી હતી. સાંજના ૫.૪૫ વાગે ખેડબ્રહ્મા આવી પહોચ્યા હતા. તેમણે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં બીજેપીને ૨૨ વર્ષનું ઘમંડ રહ્યુ છે જે આ વર્ષે ઉતરી જવાનુ છે. તેમની સાથે અલ્પેશ ઠાકોર, પરેશ ધાનાણી વગેરે હતા.

## પ્રાંતિજ ખાતે રાહુલ ગાંધીની સભા યોજાઈ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા સભાને સંબોધન કરવામાં આવી હતી. જેમાં રાહુલ ગાંધીએ જંગી મંદનીને આગવી સ્ટાઈલમાં અભિવાદન ઝીલી ખુશખુશાલ લાગતાં હતાં. રાહુલ ગાંધીએ તેમના ભાષણમાં ભાજપ સરકારને આડે હાથે લઈને જણાવ્યું હતું કે ભાજપ શાસિત રાજ્યોમાં લોકો ભય અને વિકાશવિહિન દિશામાં વ્યથિત છે. માત્ર ૧૦ ટકા જેટલા ઉદ્યોગપતિઓને લાભ આપનારી આ ભાજપ સરકારના તમામ વચનોના વાયદા પોકળ સાબિત થયા છે. આજે નોટબંધી તથા જીએસટી (ગબ્બર સિંહ) જેવાં ટેક્ષ જેવી અનેક બાબતો ઉપરાંત આરોગ્ય તથા મેડીકલ કોલેજો તથા ગરીબો બેકારો, ખેડૂતો તથા મોંઘવારીને લઈને આમ આદમી દુખી દુખી છે અને વિકાસનો ગ્રાફ દિન પ્રતિદિન સાવ નીચે જઈ રહ્યો છે તો હવે કોંગ્રેસને માફ કરો અને ભાજપને સાફ કરોના સૂત્રો લોકોએ પોકાર્યા હતાં. તો જો કોંગ્રેસ સરકાર બનશે તો ખેડૂતોના દેવાનાબુદી, સિંચાઈ, જમીન પ્રશ્નો તેમજ જીએસટી જેવા ટેક્ષ એક જ ટેક્ષ કરી દેવાશે તેમજ તેમાં પણ સુધારા વધારા કરવામાં આવશે જયારે પ્રાંતિજ તાલુકાના રાસલોડના છ યુવાનોના મોત અંગેના પરિવારના પ્રશ્નો તેમજ તેમાં દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં માટેની ખાતરી આપી હતી.




## પ્રચાર માધ્યમોમાં ચૂંટણી અંગેના કોઈ પણ પ્રકારની આગાહી પર પ્રતિબંધ

મહેસાણા, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બે તબક્કામાં યોજાનાર છે. નિર્વાચન આયોગ દ્વારા લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ની કલમ ૧૨૬ (એ) મુજબ મુક્ત,ન્યાયી અને પારદર્શી ચૂંટણીઓ માટે ચૂંટણીઓ દરમિયાન ચૂંટણી અંગેના કોઈ પણ પ્રકારની આગાહી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જિલ્લાના તમામ પ્રેસ, કેબલ નેટવર્ક તેમજ અન્ય માધ્યમો દ્વારા તારીખ ૯ નવેમ્બર ૨૦૧૭થી ૧૪ ડિસેમ્બર ૨૦૧૭ સાંજે ૬ વાગ્યા સુધી ચૂંટણી અંગેના કોઈપણ પ્રકારના પરિણામોની આગાહી નહી કરવા જણાવાયું છે.

### મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

નથી. જેની પાસે લાખો કરોડો રૂપિયા છે તેઓ ખર્ચીને ટિકીટ લઈ આવે છે અને પૈસાના જોરે કદાચ ચૂંટાઈ પણ જાય છે. પણ જે ઉમેદવાર બે ચાર કરોડ ખર્ચીને ચૂંટણી જીત્યો હોય એ શું પાંચ વર્ષ પ્રજાની સેવા કરશે કે ખર્ચેલા બે ચાર કરોડ ભ્રષ્ટાચાર કરીને પાછા મેળવશે? ખરેખર તો કોંગ્રેસે અખબારોમાં જાહેરાત આપવી જોઈએ કે 'જે પ્રામાણિક લોકો રાજનીતિમાં પ્રવેશવા ઈચ્છતા હોય ચૂંટણી લડવા ઈચ્છતા હોય તેઓના બાયોડેટા મેળવીને એમની સાથે પર્સનલ મિટિંગો કરીને પચાસેક જેટલા બિલકુલ નવા ઉમેદવારોને ઊભા રાખવા જોઈએ. અને આખા ગુજરાતમાં માત્ર એક સૂત્રી પ્રચાર કરશે તો પરિવર્તન થશે જ. બાકી કોઈ જૂના કાટલાને પ્રજા સ્વીકારવાની નથી. આજે કોંગ્રેસ પાસે રાજનીતિમાં એક નવી પેઢી બનાવવાની ઉમદા તક છે. કેમ કે આ ૨૦ વર્ષ સત્તા વિના ગયા છે. જેમાં ઉપરની એક પેઢીના પાંચ સાત મોટા માથા તબિયત અને ઉંમરને કારણે ઘેર બેસી ગયા છે. બીજી વર્તમાન પેઢી ચૂંટણી લડવા થનગને છે. જેને પ્રજા ઓળખે છે. અને ગયા પાંચ વર્ષ પહેલા પ્રજાએ એમને અરીસો બતાવી દીધો છે. તેથી હવે ગયા વખતે જીતેલા ઉમેદવારોને બાદ કરતા હારેલાઓને બદલે એક નવી પેઢી તૈયાર કરવામાં આવશે તો કોંગ્રેસનું ભાવિ ખુબ જ ઉજ્જવળ છે. પણ આપણે ત્યાં પરિવારવાદ સૌથી મોટો પ્રોબ્લેમ છે. પિતા નથી તો પુત્રને ટિકિટ આપો. પરિવારવાદ પક્ષને મારી શકે છે. ગુજરાતનાં ૨૦ વર્ષ પહેલાની ચૂંટણીઓ જોઈશું તો ખ્યાલ આવશે કે મોટાભાગના નવા ઉમેદવારો હતા. આખી એક નવી પેઢી હતી જેમણે આ ૨૦ વર્ષ રાજ કર્યું. શક્તિસિંહ અને ભરતસિંહ આ મુદ્દા ઉપર વિચારશે તો હજીયે થોડો સમય છે. ગઈ વખત જીતેલા ૫૪ ને બાદ કરતા ૧૨૮ બેઠક ઉપર નવા ઉમેદવારો કે જેઓ પહેલી વખત રાજનીતિમાં આવી રહ્યા છે. જેમને કોઈ રાજનીતિક બેકગ્રાઉન્ડ નથી. બસ માત્ર ને માત્ર તેમની સામાજિક પ્રતિષ્ઠા અને પ્રામાણિકતા અને નિષ્ઠા જોઈને જો ઉમેદવાર પસંદ થશે તો આ વખતે કોંગ્રેસની સરકાર બનશે એવું લોકો માની રહ્યા છે. બાકી આજથી ૨૨ વર્ષ પહેલા કોંગ્રેસની જે શામ દામ દંડ ભેદની તાકાત હતી તે આજે ભાજપા પાસે છે. તેથી કોંગ્રેસની જુની કે વર્તમાન નવી કોઈ નીતિ કામ આવવાની નથી. કેમ કે સામો પક્ષ સક્ષમ જ નહી સમર્થ પણ છે. સામે પક્ષે જાદું છે, કલ્પના છે, પાવર છે, પોલીસ અને પોલીસી પણ છે. તંત્ર છે. પણ આ વખતે 'પ્રામાણિકતા'નું શસ્ત્ર કોઈની પાસે નથી. અને પરિવર્તનકાળે વર્તમાન સરકાર ઉપર કે વિપક્ષ ઉપર પ્રજા પ્રામાણિકતા સંદર્ભે વિશ્વાસ કરતી હોતી નથી. તેથી આ વખતે કોંગ્રેસ પાસે આ તક છે. ૧૨૮ નવા ચહેરા પ્રામાણિકતાના વચન સાથે ઉતારશે તો અને આ મુદ્દે વિશેષમાં ઊંડાણથી વિચારીને યોગ્ય પગલા ભરશે તો પ્રજાનો વિશ્વાસ જીતી શકશે અને સરકાર બનાવી શકશે. અન્યથા કોઈ વિકલ્પ નહીં હોવાથી જે છે તે જ રહેશે.

### પ્રસંગસર ● ૪ પાનાનું ચાલુ...

ફુલસુંઘણી વહેલી સવારે ટેક્સ ઉઘરાવવા નીકળી હોય તેમ ફૂલે ફૂલે પોતાની ઈંજેકશન જેવી લાંબી ચાંચ મારતી જાય ને રસ ચૂસતી જાય, બાજ પક્ષીની બાજનજર આગળ કોઈ છટકી ના શકે. લાવરીની વાર્તા પારકી આશા સદા નિરાશ-ની કહેવત શીખવી જાય. કીંગ ફીશર (ચાસ) - ભૂરી ભૂરી પાંખોવાળું પક્ષી બધાને ગમે. લક્કડખોદ ગમે તેવા ઝાડમાં ચાંચ મારી માળો બનાવવાની ક્ષમતા ધરાવે છે; ચાતક તો વળી વરસાદનું જ પાણી પીવે... વાહ ભાઈ વાહ... કયા બાત હે ! કબૂતરની શાંતિપ્રિયતા, કાગડાની ચતુરાઈ અને ચંચળતા, કૂકડાની નિયમિતતા, કોયલની મધુરતા, ગરુડની દૃષ્ટિ, ચાતક જેવી ધીરજ, પોપટ જેવી કુશળતા, પગલા જેવી એકાગ્રતા, બુલબુલ જેવી મીઠાશ, મોર જેવી રંગબેરંગી વિવિધતા, સારસ બેલડી જેવો પ્રેમ, સુગરી જેવી કલાત્મકતા, હોલા જેવું ભોળપણ અને હંસનો નીરક્ષીર વિવેક - જેવા અનેક સદ્‌ગુણો સૌએ જીવનમાં ઉતારવા જેવા છે.

## બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તરીકે શંભુભાઈ દેસાઈની નિમણુંક



ડીસા, તા. ૧૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીની મંજુરીથી ગુજરાત પ્રદેશ માલધારી સેલ દ્વારા બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તરીકે શંભુભાઈ સરતાનભાઈ દેસાઈ (ડીસા)ની નિમણુંક કરવામાં આવી છે. શંભુભાઈ ગુજરાતની અનેકવિધ સામાજીક, શૈક્ષણિક સંસ્થાઓ તથા ગુજરાત એસ.સી-એસ.ટી.-ઓ.બી.સી. અધિકાર સંઘ ગુજરાતના મહામંત્રી તરીકે સક્રીય સેવાઓ આપી રહ્યા છે.